
Govt. of Uttarakhand

Uttarakhand

GAURAV, VIKAS AUR SANKALP KA PARV




# Devbhoomi Uttarakhand

VIKAS BHI, VIRASAT BHI

## Divine and Majestic Chardham Yatra

# A WARM WELCOME TO ALL DEVOTEES

## SPIRITUAL AND NATURAL ATTRACTIONS NEAR THE CHAR DHAM ROUTE

### 1 Near Yamunotri

Janki Chatti & Hanuman Chatti, Kharsali Village, Saptarishi Kund, Lakhamandal, Kedarkantha Trek, Rana Chatti.

### 2 Near Kedarnath

Bhairavnath Temple, Vasuki Tal, Gaurikund, Triyuginarayan Temple, Chopta - Tungnath - Chandra Shila, Deoria Tal.

### 3 Near Gangotri

Gaumukh Trek, Bhojbasa & Tapovan, Surya Kund & Gauri Kund, Harsil Valley, Mukhimath (Mukhba), Dayara Bugyal Trek, Gartang Gali, Kashi Vishwanath Temple (Uttarkashi), Nachiketa Tal & Dodital.

### 4 Near Badrinath


Mana Village, Vyas Gufa & Ganesh Gufa, Bhimsila, Auli, Valley of Flowers, Vasudhara Falls, Charanpaduka, Tapt Kund & Narad Kund, Jyotirmath (Joshimath), Satopanth Lake, Pandukeshwar, Adibadri Temple, Hemkund Sahib.



Ganesha Temple
Dodital Uttarkashi



Shani Temple
Kharsali Uttarkashi



Kandolia Temple
Pauri Garhwal



Kartik Swamy Temple
Rudraprayag



Jagannath Temple
Uttarkashi



Jawalpa Devi Temple
Pauri Garhwal


Gopinath Temple
Gopeshwar, Chamoli


Kamleshwar Mahadev Temple
Srinagar Pauri Garhwal


Katarmal Sun Temple
Almora


Jageshwar Dham
Almora


Golu Devta Temple
Almora


Dunagiri Temple
Dwarahat, Almora



"The Honourable Prime Minister has termed the third decade of the 21st century as the 'Decade of Uttarakhand.' In line with the Prime Minister's vision, we are working with an 'unwavering commitment' (Vikalp Rahit Sankalp) to make the state an ideal state in every field."

**Pushkar Singh Dhami,** Chief Minister, Uttarakhand

## Important Information

**Mandatory Registration:** Registration is compulsory before commencing the Yatra.

**Verify Contact Details:** Please ensure you enter the correct mobile number during registration.

**Be Prepared for Weather:** Carry adequate woolen clothes, an umbrella, and a raincoat.

**Accurate Health Data:** Provide precise health information during the registration process.

**Senior Citizen Advisory:** Senior citizens are advised to undergo a medical check-up before starting the journey.

**Medication:** If you are on prescribed medication, carry a sufficient stock of your medicines.

**Acclimatisation:** Take frequent breaks at various transit points along the route to acclimatize to the high-altitude climate.

**Health First:** If you feel unwell, please do not proceed with the journey.

**Beware of Scams:** Avoid unauthorised individuals claiming to facilitate 'Darshan' at the shrines.

**Keep Tracks Clean:** Cooperate with us in keeping the pilgrimage routes clean; do not litter.

**Safe Driving:** Maintain controlled vehicle speed and park only in designated parking areas.

**No Plastic:** Strictly avoid the use of single-use plastic.

### Modes of Registration

Visit the website or scan the QR Code:
registrationandtouristcare.uk.gov.in

Download the App
touristcareuttarakhand
Google Play | App Store

FOR ANY ASSISTANCE. PLEASE CONTACT OUR 24X7
TOLL FREE NUMBER:
**0135-3520100**

FOR FURTHER INFORMATION CONTACT
PHONE:
0135-2552627
0135-2559898
E-MAIL:
touristcare.uttarakhand@gmail.com

#ExploreUttarakhand
@DIPR_UK



## My dear Countrymen,

The sacred Chardham Yatra has commenced in the holy land of Devbhoomi Uttarakhand. This divine pilgrimage to the four shrines, including the darshan of Baba Kedar, is a magnificent celebration of India's eternal (Sanatan) cultural consciousness. Jagadguru Adi Shankaracharya gave a new direction to Indian culture through his pilgrimages to Badrinath and Kedarnath. Similarly, Jagadguru Ramanujacharya and Jagadguru Madhvacharya also visited Badrinath to enrich their spiritual philosophies.

Even today, these four shrines nestled in the lap of the Himalayas remain divine centers of our eternal faith and belief. Every year, people belonging to diverse languages, traditions, and cultures come here, further strengthening the spirit of 'Ek Bharat, Shreshtha Bharat'. This year's Yatra is an extension of that very tradition.

Our scriptures state:

अग्निष्टोमादिभिर्यज्ञैरिष्ट्वा विपुलदक्षिणैः।
न तत्फलमवाप्नोति तीर्थाभिगमनेन यत्॥

Meaning: The immense merit (Punya) earn through grand Yagyas (sacrificial rituals) and charity is profound. However, the merit obtained through a pilgrimage (Tirtha Yatra) is even greater than that gained through those rituals.

In the resolve for a 'Viksit Bharat' (Developed India), the role of a 'Viksit Uttarakhand' is extremely vital. A few years ago, at the gateway of Baba Kedar, I had said that this decade would be the 'Decade of Uttarakhand.' Today, the progress of Uttarakhand is turning that belief into reality. Uttarakhand is setting new benchmarks in all three sectors: tourism, spirituality, and economic growth.

The great ritual of development (Vikas ka Mahayagya) that has been underway in Uttarakhand for the past few years has made the Chardham Yatra more accessible, safer, and divine than ever before. This is providing great convenience to the visiting devotees, saints, and tourists. In all these efforts, every care is being taken to preserve the natural beauty of Uttarakhand.

I would also urge every guest visiting Uttarakhand to truly enjoy this new experience. During your journey, I encourage all travellers to observe a "Digital Fast" and strive to live within the natural beauty of Uttarakhand. This will provide you with a unique sense of satisfaction.

Historically, we have always traveled from our homes to Devbhoomi for the Chardham Yatra with a specific resolve. In this spirit, I wish to urge you to take Five Resolves (Panch Sankalp):

**First Resolve – Cleanliness is Paramount:** Maintain cleanliness within and around the shrines. Contribute your part to keeping the rivers clean. Take a pledge for a journey free of single-use plastic and uphold the dignity of this sacred land.

**Second Resolve – Sensitivity towards Nature and Environment:** Be sensitive toward this divine Himalayan land. While maintaining the balance of nature, contribute to environmental conservation through initiatives like 'Ek Ped Maa Ke Naam' (A Tree in Mother's Name).

**Third Resolve – Emphasis on Service, Cooperation, and Unity:** Since ancient times, our pilgrimages have been a medium for universal service and social harmony. Even today, people serve pilgrims with this same spirit. I urge every pilgrim visiting the Chardham to perform at least one act of service every day of their journey. Help your fellow travellers and connect with people coming from different parts of the country. By participating in their traditions, strengthen the spirit of 'Ek Bharat, Shreshtha Bharat' through this pilgrimage.

**Fourth Resolve – Promoting 'Vocal for Local':** From the time you leave your home until you return, ensure that you spend at least five percent of your total travel budget on purchasing local products. Even if a local item is not immediately needed in this season, try to buy it for future use.

**Fifth Resolve – Adherence to Discipline, Safety, and Decorum:** Follow the rules of the journey and traffic instructions. As a responsible and alert citizen, make this pilgrimage safe and accessible. Let us ensure that our journey does not cause any inconvenience to the people involved in the organisation and management of this Yatra.

In recent years, a large number of creators and influencers have started visiting the Chardham. I urge all of you to make an effort to share the local stories of Uttarakhand and its small, unique traditions with the masses.

May the blessings of Baba Kedar and all the four shrines infuse your life with new energy, new inspiration, and new resolutions. This is my wish for you.

My heartiest best wishes to all of you for a successful, safe, divine, and soulful journey.

Yours

**Narendra Modi**



| Panch Kedar | Panch Prayag | Panch Badri |
|---|---|---|
| 1. Kedarnath | 1. Devprayag | 1. Vishal Badri |
| 2. Tungnath | 2. Rudraprayag | 2. Yogdarshan Badri |
| 3. Rudranath | 3. Karnprayag | 3. Bhavya Badri |
| 4. Madhmaheshwar | 4. Nandprayag | 4. Vradha Badri |
| 5. Kalpeswar | 5. Vishnuprayag | 5. Aadi Badri |

**Use only the official portal for Helicopter Bookings To Avoid any Fraud**
**www.heliyatra.irctc.co.in**

During the Chardham Yatra, you can also visit and experience the divine Panch Kedar, Panch Prayag and Panch Badri. In the Panch Badri, Lord Vishnu is worshipped in various unique forms

ISSUED IN PUBLIC INTEREST BY DEPARTMENT OF INFORMATION & PUBLIC RELATIONS, UTTARAKHAND.

www.uttarainformation.gov.in | DIPR_UK | UttarakhandDIPR | UttarakhandDIPR

# ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરનારાઓની હવે ખેર નથી

## એડીએના કમિશનર ઍક્શન મોડમાં

મુંબઈ : આઇએએસ અધિકારી તુકારામ મુંઢેએ ચાર્જ સંભાળતા જ રાજ્યમાં ભેળસેળ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ''ગ્રાહકોને શુદ્ધ અન્ન અને ખેડૂતોને દૂધના યોગ્ય ભાવ મળવા જ જોઈએ, નિયમો તોડનારાઓને બક્ષવામાં આવશે નહીં,'' તેવા કડક શબ્દોમાં એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ ભેળસેળ માફિયાઓને સીધી ચેતવણી આપી છે. રાજ્યમાંથી ભેળસેળ નાબૂદ કરવા માટે હવે વિભાગે કમર કસી લીધી છે.

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારાઓને કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં, તેવી સીધી ચેતવણી આપતા મુંઢેએ 'સેફ ફૂડ, સેફ ડ્રગ, સેફ મહારાષ્ટ્ર' અભિયાન હેઠળ મોટી કાર્યવાહી શરૂ કરી છે. છેલ્લા માત્ર ૬ દિવસમાં જ વિભાગે રાજ્યભરમાં અંદાજે ૨૦૩ સ્થળોએ દરોડા પાડ્યા, જેમાં લગભગ ૧,૫૮,૨૮,૦૦૦ રૂપિયાની કિંમતનો ભેળસેળયુક્ત અને પ્રતિબંધિત માલનો સ્ટોક જપ્ત કરવામાં આવ્યો હતો. ફૂડ સેફ્ટી એક્ટના ઉલ્લંઘન બદલ ૧૦૨ લોકોની ધરપકડ કરવામાં આવી અને ૬૮ વ્યાપારી સંસ્થાઓને તાત્કાલિક સીલ કરી દેવામાં આવ્યા. તુકારામ મુંઢેની આ 'સર્જિકલ સ્ટ્રાઈક' ના કારણે ભેળસેળ કરનારા માફિયાઓમાં ભારે ફફડાટ મચી ગયો હતો.

દરમિયાન એફડીએ દ્વારા નકલી પનીર બનાવનારાઓ સામે કરવામાં આવેલી કાર્યવાહીની મોટી સકારાત્મક અસરો બજારમાં જોવા મળી રહી છે. નકલી પનીર નાબૂદ થતાં હવે અસલી દૂધમાંથી બનેલા પનીરની માંગ વધી ગઈ છે. હોદ્દેદારોએ માહિતી આપી હતી કે, હવે ઘણી હોટેલોમાં 'અમારે ત્યાં શુદ્ધ દૂધના પનીરના શાક મળે છે' તેવા બોર્ડ પણ લાગવા માંડ્યા છે. ■

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર મિનિ બસને નડ્યો અકસ્માતઃ બાળકનું મોત, નવ જણ ઘાયલ



શહાપુરઃ સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અકસ્માતની ઘટનાઓ વધી રહી હોઇ નાગપુર લેનને ચેનેજ નંબર ૬૩૧ પર ટ્રાવેલ્સની મિની બસને અકસ્માત નડ્યો હતો, જેમાં ગંભીર ઇજાને કારણે બાળકનું મોત થયું હતું, જ્યારે નવ લોકો ઘાયલ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ટ્રાવેલ્સનું વાહન નાગપુર તરફ જઇ રહ્યું હતું ત્યારે ચેનેજ નંબર ૬૩૧ નજીક ડ્રાઇવરે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે મિની બસને અકસ્માત નડ્યો હતો. અકસ્માત એટલો ભીષણ હતો કે મિની બસનો કચ્ચરખાણ નીકળી ગયો હતો. અકસ્માતમાં બાળકનું મોત થયું હતું અને અન્ય નવ જણને જા થઇ હતી.

દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વાહનમાંથી ઘાયલ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલોમાંથી કેટલાકની હાલત નાજુક હોઇ તેમની સારવાર ચાલી રહી છે.

અકસ્માતને કારણે સમૃદ્ધિ એક્સપ્રેસવે પર થોડા સમય માટે ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાઇ હતી. જોકે અકસ્માતગ્રસ્ત વાહનને માર્ગ પરથી હટાવવામાં આવ્યા બાદ વાહનવ્યવહાર પૂર્વવત્ થઇ ગયો હતો. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# પીઓપીની મૂર્તિઓનું સાયન્ટિફિકલી વિસર્જન કરવા કન્સલટન્ટની નિમણૂક કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્લાસ્ટર ઓફ પેરિસની(પીઓપી) બનેલી ગણેશ મૂર્તિઓથી થતા પ્રદૂષણને રોકવા માટે આગામી વર્ષથી આ મૂર્તિઓનું સાયન્ટિફિકલી રીતે વિસર્જન કરાશે, તે માટે કન્સલટન્ટની નિમણૂક કરવામાં આવવાની છે. શુક્રવારે સ્થાયી સમિતિમાં તેને લગતા પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ કન્સલટન્ટ ગણેશ ચતુર્થી પહેલા પોતાનો અહેવાલ રજૂ કરશે, તે મુજબ ગણેશોત્સવ બાદ પીઓપીની મૂર્તિઓનું વિસર્જન કરવાનું આયોજન પાલિકા પ્રશાસન કરી રહી છે. પીઓપીની મૂર્તિઓનું કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરવાના હાઇકોર્ટના નિર્દેશ અનુસાર ગયા વર્ષે પીઓપીની મૂર્તિઓના અવશેષોનો પ્રાયોગિક ધોરણે નાસિકમાં સાયન્ટિફિકલી રીતે વિસર્જન કરવામાં આવ્યું હતું. અકર્મા ફાઉન્ડેશને અત્યાર સુધીમાં ૩૫૦ ટનથી વધુ મૂર્તિ પર સાયન્ટિફિકલી રીતે પુર્ન પ્રક્રિયા કરીને તેનું રિસાયકિંલગ કરીને પ્રૉડેક્ટ બનાવવાનો પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે.

પાલિકાએ દસ ટન ગણેશ મૂર્તિઓના અવશેષોનો સાયન્ટિફિકલી રીતે વિસર્જન કરવાનું કામ આ સંસ્થાને સોંપ્યું હતું. આ માટે પાલિકા પ્રશાસને ૨૦,૪૪,૦૦૦ હજાર રૂપિયા ખર્ચ્યા હતા. આ આધારે દર વર્ષે સાયન્ટિફિકલી રીતે પાલિકા હવે ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવાનું વિચાર કરી રહી છે. તે માટે અકર્મા ફાઉન્ડેશન નામની સંસ્થાની નિમણૂક કરવામાં આવવાની છે, તેનો લગતો પ્રસ્તાવ શુક્રવારે સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવ્યો હતો. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે કહ્યું હતું કે ગણેશ મૂર્તિઓના વિસર્જન પછી ઉદ્ભવતી પર્યાવરણીય સમસ્યાનો ઉકેલ લાવવામાં આનાથી મદદ મળશે. ■

# પુણેમાં ગેસ લીકેજથી વિસ્ફોટ અને આગમાં એકનું મોત, બે ઈજાગ્રસ્ત

પુણેઃ પુણેના વાઘોલી વિસ્તારમાં શુક્રવારે સવારે એક રહેણાંક ઈમારતમાં એલપીજી ગેસ લીકેજના કારણે વિસ્ફોટ થતા આગ લાગી જેમાં ૩૫ વર્ષની એક વ્યક્તિનું મૃત્યુ થયું અને તેના પરિવારના બે વૃદ્ધ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ દુર્ઘટના બે માળની ઈમારતમાં સવારે સવા નવની આસપાસ બની હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્થાનિક રહેવાસીઓએ શંકાસ્પદ સિલિન્ડર વિસ્ફોટ અને આગ અંગે ફાયર બ્રિગેડને જાણ કરી હતી, જેના પગલે ખરાડી, ધનોરી અને યરવડા ફાયર સ્ટેશનના આગબંબા તરત ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અગ્નિશમન દળના ઓફિસરો ઘટના સ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં આગ પહેલા માળના એક ભાગને લપેટમાં લઈ ચૂકી હતી. ફાયર બ્રિગેડના માણસોએ આગ ઓલવી ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

આગને કારણે હોલ, ફર્નિચર, ટેલિવિઝન, ઇલેક્ટ્રિકલ વાયરિંગ, બાથરૂમ ફિટિંગ અને ગીઝરને નુકસાન થયું હતું. તેમણે જણાવ્યું હતું કે રસોડામાં રેફ્રિજરેટર અને ફર્નિચર સહિત ઘરગથ્થુ વસ્તુઓને આંશિક નુકસાન થયું હતું. (પીટીઆઈ)■

# નાશિકમાં લશ્કરી હેલિકોપ્ટર સામે 'મુઝસે શાદી કરોગી' કહેનારા પાઈલટ સામે કાર્યવાહી?



નાશિકઃ નાશિક - ગાંધીનગર કોમ્બેટ આર્મી એવિએશન ટ્રેનિંગ સ્કૂલમાં પાયલટ બનેલા ભરત ભારદ્વાજે 'ચીત્તા' હેલિકોપ્ટર સામે ગર્લફ્રેન્ડને સોનાની વીંટી પહેરાવી લગ્નનો પ્રસ્તાવ મૂકી જીવનની આ મહત્વપૂર્ણ ક્ષણને અવિસ્મરણીય બનાવવાનો પ્રયાસ કર્યો. આ સંદર્ભનો વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. ઘણા લોકોએ આ દંપતીને અભિનંદન આપ્યા હતા. જ્યારે કેટલાકે આ કાર્યવાહી નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાવ્યું હતું. લશ્કરએ નવા નિયુક્ત પાયલટ સામે કાર્યવાહી શરૂ કરી હોવાથી ભાવિ દંપતીના પરિવાર અને સંબંધીઓને માનસિક સંતાપ થયો હોવાના અહેવાલ આવ્યા હતા. વાત એમ છે જે પદવીદાન સમારોહ તાલીમાર્થીઓના પરિવારો માટે ખુલ્લો છે. તેઓ સંબંધીઓ સાથે આનંદની ક્ષણની ઉજવણી કરી શકે છે. પરિણામે પાયલટના લગ્ન પ્રસ્તાવ સામે વાંધો કેવી રીતે ઉઠાવી શકાય એ પ્રશ્ન નિવૃત્ત અધિકારીઓ દ્વારા પૂછવામાં આવી રહ્યો છે.

મંગળવારે અહીં કોમ્બેટ આર્મી એવિએશન ટ્રેનિંગ સ્કૂલનો ૫૯મો દીક્ષાંત સમારોહ આર્મી ટ્રેનિંગ કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટનન્ટ જનરલ દેવેન્દ્ર શર્માની અધ્યક્ષતામાં યોજાયો હતો. વર્ષમાં ઓછામાં ઓછા બે વાર આવા સમારોહનું આયોજન કરે છે. સમારોહ પછી અધિકારીઓ સ્થળ પર પરિવારો સાથે ફોટા પાડે છે. ભરત ભારદ્વાજે મંગળવારે દીક્ષાંત સમારોહના દિવસે એક હીરોની જેમ, તેમણે હેલિકોપ્ટરની સામે તેની ગર્લફ્રેન્ડની આંગળીમાં વીંટી પહેરાવીને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. આના ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતા પ્રતિક્રિયાઓનો વરસાદ શરૂ થયો. અમુક મીડિયામાં એવું પણ જણાવ્યું હતું કે સેનાએ આ કાર્યવાહીની નોંધ લીધી છે અને નવા નિયુક્ત પાઇલટ સામે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. જોકે, માહિતી અનુસાર આમાં કોઈ સત્ય નથી. સંબંધિત અધિકારી સામે કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી. ઉલ્ટાનું વરિષ્ઠોએ પણ અધિકારીને શુભેચ્છા પાઠવી હતી. ■




## વાશિમમાં રોડ રૅજની ઘટના

# ટોળાએ કરેલા હુમલામાં પાંચ ઘાયલ, એકની હાલત નાજુક

મુંબઈઃ વાશિમ જિલ્લામાં રોડ રૅજની ઘટનામાં ૧૦થી ૧૨ લોકોના ટોળાએ લોખંડના સળિયા તથા શસ્ત્રોથી કરેલા હુમલામાં પાંચ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી એક જણની હાલત નાજુક હોવાનું પોલીસ અધિકારી જણાવ્યું હતું.

બે દિવસ અગાઉ ભીડભાડવાળા માર્ગ પર એક વાહન બીજા વાહનને ઘસાયા બાદ થયેલા ઝઘડાને પગલે આ ઘટના બની હતી, એમ વાશિમ સિટી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. ઝઘડો ટૂંક સમયમાં હિંસામાં પરિણમ્યો હતો અને વાહનમાં હાજર લોકો પર ટોળાએ સળિયા તથા શસ્ત્રોથી હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા લોકોમાં પ્રવીણ રાઉત, રાજેશ રાઉત, પ્રતીક રાઉત, અંકુશ સોનટક્કે અને મહિલાનો સમાવેશ હતો. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોઇ એકની હાલત નાજુક છે.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં નાગરિકોની નજર સામે ટોળું વાહનમાં હાજર લોકો પર હુમલો કરતું નજરે પડે છે.

આ ઘટના બાદ પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને હુમલામાં સામેલ આરોપીઓની શોધ આદરી હતી. પોલીસે એક જણની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.(પીટીઆઇ)■







# નવનીત રાણા રાજ્યસભામાં?: એનસીપીએ નકારમાં ડોકું ધુણાવ્યું

મુંબઈઃ આગામી રાજ્યસભા પેટાચૂંટણી માટે રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના રાજીનામા બાદ એક બેઠક ખાલી પડી છે. આ બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે અને ઉમેદવારોના નામની ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ પેટાચૂંટણી માટે નવનીત રાણાનું નામ ચર્ચાઈ રહ્યું છે.

નવનીત રાણા અને તેમના પતિ વિધાન સભ્ય રવિ રાણા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને મળ્યા હતા. આ મુલાકાત પછી એવી ચર્ચા ચાલી રહી છે કે નવનીત રાણા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષમાં જોડાશે.

ભૂતપૂર્વ સાંસદ નવનીત રાણા રાજ્યસભાના નોમિનેશન મેળવવા માટે જોરદાર પ્રયાસો કરી રહ્યા હોવાની માહિતી છેલ્લા બે દિવસથી રાજકીય વર્તુળોમાં ચર્ચામાં છે. આ પાર્શ્વભૂમિમાં નવનીત રાણા બુધવારે એનસીપી નેતા સુનેત્રા પવાર અને પાર્થ પવારને મળ્યાં હતાં. ત્યારબાદ તરત જ નવનીત રાણા અને રવિ રાણા દેવેન્દ્ર ફડણવીસને પણ મળ્યા હતા. આ ઉચ્ચ સ્તરીય બેઠકોને કારણે એનસીપી ક્વોટા બેઠક પર નવનીત રાણાને નોમિનેશન મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ ચર્ચાઓને પગલે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વરિષ્ઠ સૂત્રોએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે પક્ષના ક્વોટામાંથી ભૂતપૂર્વ સંસદસભ્ય નવનીત રાણાને રાજ્યસભામાં મોકલવા અંગે પક્ષમાં કોઈ ચર્ચા થઈ નથી. આમ નવનીત રાણાની ઉમેદવારી અંગે ચાલી રહેલી ચર્ચાનો હાલ પૂરતો અંત આવ્યો છે.■



















# પુણે લઠ્ઠાકાંડ એ ભૂતકાળની ભલામણોને લાગુ કરવામાં સરકારની નિષ્ફળતાઃ કૉંગ્રેસ

મુંબઈઃ તાજેતરમાં પુણેની લઠ્ઠાકાંડ દુર્ઘટનામાં બાવીસ લોકો મૃત્યુ પામ્યા એને કારણે મહારાષ્ટ્ર સરકારની ૨૦૧૫માં ઉત્તર મુંબઈના માલવણીમાં બનેલી વધુ ભયંકર ઘટના પછી કરવામાં આવેલી ભલામણોને લાગુ કરવામાં નિષ્ફળતા છતી થાય છે એમ કૉંગ્રેસ નેતા સચિન સાવંતએ શુક્રવારે જણાવ્યું હતું.

કૉંગ્રેસના રાષ્ટ્રીય સચિવે જણાવ્યું હતું કે પુણેની ઘટના સરકારની બેદરકારીનું પરિણામ છે. પોલીસ, એક્સાઇઝ અને અન્ય વિભાગોના ૨૬ કર્મચારી વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અપૂરતી હતી અને તેમાં વ્યવસ્થા અંતર્ગત નિષ્ફળતાઓના મહત્ત્વના મુદ્દા પર ધ્યાન નહોતું આપવામાં આવ્યું. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે માલવણી સમિતિની ભલામણોનું શું થયું એનો ખુલાસો ફડણવીસ સરકારે કરવો જોઈએ. પુણેની દુર્ઘટના માત્ર સ્થાનિક વહીવટીતંત્રની નિષ્ફળતા નથી, પરંતુ સરકાર અગાઉની આફતોમાંથી કોઈ પાઠ નથી શીખી એનો પુરાવો છે.

માલવણી દુર્ઘટનામાં ૧૦૬ લોકોના મૃત્યુ થયા બાદ જય સરકારે ગેરકાયદ દારૂના ઉત્પાદન અને વેચાણને રોકવા માટે પગલાં સૂચવવા માટે મુખ્ય સચિવના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી હતી, અને ગૃહ વિભાગે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ તમામ વિભાગોને સમિતિની ભલામણોનો અમલ કરવા માટે નિર્દેશો જારી કર્યા હતા એવી જાણકારી આપી સાવંતએ ઉમેર્યું હતું કે એ નિર્દેશોમાં મિથેનોલના ઉત્પાદન અને પરિવહન પર કડક નિયંત્રણ, ગેરકાયદે દારૂના એકમો સામે પોલીસ અને એક્સાઇઝ અધિકારીઓ દ્વારા સંકલિત કાર્યવાહી અને વેપારમાં સામેલ સંગઠિત ગુનાહિત નેટવર્ક સામે કડક કાર્યવાહીનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

# ગૅસ બિલને નામે એપીકે લિંક મોકલીને નવ લાખની ઠગાઈ

થાણેઃ મહાનગર ગૅસ બિલ પેમેન્ટ અપડેટ કરવાનું કહીને એક લિંક મારફત સાયબર ઠગે કલ્યાણના ૫૭ વર્ષના રહેવાસીના ખાતામાંથી ૯.૦૮ લાખ રૂપિયા સેરવી લીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ કથિત ઠગાઈ ૧૯ મેથી પહેલી જૂન દરમિયાન થઈ હતી. કલ્યાણમાં રહેતા ફરિયાદીએ ગૅસ બિલ ઑનલાઈન ભર્યું હતું છતાં તેને બિલ ન ભર્યું હોવાનો મેસેજ આવ્યો હતો. મેસેજ સાથે એપીકે લિંક પણ હતી, જેના પર ક્લિક કરતાં ફરિયાદીના મોબાઈલમાં 'ગૅસ બિલ' નામે ઍપ્લિકેશન ઈન્સ્ટોલ થઈ ગઈ હતી.

એપીકે (એન્ડ્રોઈડ પૅકેજ કિટ) ઍપ્સ ઈન્સ્ટોલ કરવા માટે એન્ડ્રોઈડ ફાઈલ ફોર્મેટ છે.

ઍપ પરથી ફરિયાદીને તેના ડેબિટ કાર્ડ, નેટ બૅન્કિંગ અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ૧૨ રૂપિયાની નજીવી ચુકવણી કરવા પ્રેરિત કરાયો હતો. પેમેન્ટ ફેઈલ થતાં મેસેજ મોકલનારે ફરિયાદીને તેના મોબાઈલ ફોનની સેટિંગ બદલવી પડશે.

સેટિંગ ચૅન્જ કરતાં જ ઠગને ફરિયાદીના મોબાઈલનું રિમોટ એક્સેસ મળી ગયું હતું. આ શંકાસ્પદ પ્રવૃત્તિ ધ્યાનમાં આવતાં ફરિયાદીએ કૉલ ડિસ્કનેક્ટ કરી નાખ્યો હતો. જોકે પછી ગણતરીની મિનિટમાં જ ફરિયાદીના બૅન્ક ખાતામાંથી ત્રણ ટ્રાન્ઝેક્શન દ્વારા ૯.૦૮ લાખ રૂપિયા ડેબિટ થઈ ગયા હતા. આ પ્રકરણે ખડકપાડા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ આ કેસની વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# ડોંબિવલીના તળાવમાં અચાનક સેંકડો માછલીઓ મૃત અવસ્થામાં મળી આવી

થાણે : મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં સેંકડો માછલીઓ એક તળાવમાં મૃત જોવા મળી આવી હતી. આ ઘટના બાદ ત્યાંના સ્થાનિકોમાં ખુબ રોષ જોવા મળ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ ત્યાં રહેતા સ્થાનિકો આ ઘટનાના પગલે ખુબ રોષે ભરાઈ ગયા હતા. તેઓએ અધિકારીઓને જણાવ્યું હતું કે, ઉદ્યોગોમાંથી નીકળતા ઝેરી કેમિકલ અને પ્રવાહીઓના કારણે પાણી દુષિત થાય છે. ડોમ્બિવલી એમઆઇડીસી વિસ્તારમાં આવેલા મિલાપનગર લેકમાંથી ગુરુવારે તપાસ દરમિયાન સેંકડો માછલીઓ મૃત મળી આવી હતી.

સ્થાનિકોના કહ્યા મુજબ તળાવના પાણીનો રંગ કાળો થઇ ગયો છે. આ દુષિત પાણીમાંથી તીવ્ર દુર્ગંધ પણ આવે છે. ત્યાં આસપાસ આવેલા કેમિકલ યુનિટમાંથી નીકળતા દુષિત પ્રવાહી તળાવના પાણીમાં એકત્ર થતું હોવાના કારણે આ પાણીની દુર્ગંધ આસપાસના સમગ્ર વિસ્તારોમાં ફેલાઈ ગઈ છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ મહારાષ્ટ્ર પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ અને કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વિસ્તારના તળાવના દુષિત પાણીના નમૂના લેવામાં આવ્યા છે. એક અધિકારીએ બાદમાં જણાવ્યું હતું કે, નિરીક્ષણ દરમિયાન તેમને આ પાણીમાં ઉદ્યોગો દ્વારા દુષિત કચરાનો નિકાલ તળાવમાં થતો હોવાનું અનુમાન છે. ■

